# પશ્ચિમ કચ્છ ભુજ પોલીસ
# તા.૦૮/૦૫/૨૦૨૦

**" નખત્રાણા પો.સ્ટે. વિસ્તારના સાંયરા ગામના રબારીવાસ માંથી દેશીદારૂનો જથ્થો ભરેલી ગાડી ઝડપી પાડતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ,પશ્ચિમ કચ્છ-ભુજ "**

પોલીસ મહાનિરીક્ષકશ્રી સુભાષ ત્રીવેદી સાહેબ, સરહદી રેન્જ, ભુજ તથા પોલીસ અધિક્ષકશ્રી સૌરભ તોલંબીયા સાહેબની સુચનાથી પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.આર.ગોંડલીયા સાહેબના માર્ગદર્શન મુજબ પો.સબ ઇન્સ.શ્રી એસ.જે.રાણા સાહેબની આગેવાની હેઠળ એલ.સી.બી. સ્ટાફના કર્મચારીઓ કચ્છ જીલ્લાના નખત્રાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં,

પેટ્રોલીંગ દરમ્યાન ખાનગી રાહે ચોકકસ બાતમી હકિકત મળેલ કે, મોટી ગોધીયાર તા.નખત્રાણાનો સુરૂભા પ્રેમસિંહ સોઢા પોતાના કબ્જાની અલ્ટો કાર રજી.નં.GJ-12-CP-7308 વાળીમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂનો જથ્થો ભરી નખત્રાણા થી સાયરા ગામ તરફ જવાનો છે. તેવી હકીકત આધારે વોચમાં હતા દરમ્યાન હકકીત મુજબની અલ્ટો કાર જોવમાં આવતા કાર ચાલક નાશવા લાગેલ જેથી અલ્ટો કારનો પીછો કરી અલ્ટો કારને સાંયરા ગામે રબારીવાસ મધ્યે મુકી ચાલક નાશી જતા સદરહું અલ્ટો કાર રજી.નં.GJ-12-CP-7308 વાળી માંથી દેશીદારૂ લીટર-૧૧૨ કિ.રૂા. ૨,૨૪૦/- નો પ્રોહિ મુદામાલ તથા અલ્ટો કાર રજી.નં.GJ-12-CP-7308 દેશી દારૂની હેરફેર માટે ઉપયોગ કરેલ તે કિ.રૂા.૧,૦૦,૦૦૦/- મળી કુલ્લ કિ.રૂા.૧,૦૨,૨૪૦/-નો મુદામાલ મળી આવતા અને આરોપી સુરૂભા પ્રેમસિંહ સોઢા પોતાના કબ્જાની કાર મુકી નાશી જતા તેના વિરૂધ્ધ નખત્રાણા પો.સ્ટે. ખાતે પ્રોહીબીશન એકટ તળે ગુનો રજીસ્ટર કરાવવામાં આવેલ છે.

મુદામાલઃ-
(૧) દેશીદારૂ લીટર-૧૧૨, કિ.૨૨૪૦/-
(૨) અલ્ટો કાર રજી.નં.જી.જે.૧૨.સી.પી ૭૩૦૮ કિ.૧,૦૦,૦૦૦/-
કુલ્લ મુદામાલ કિ.રૂા.૧,૦૨,૨૪૦/-

